Sahitya Manthan

A Peer-Reviewed, Open Access e-journal

ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in

Year-3, Issue-3, Continuous Issue-19, May - June 2023

# 'અંતરિક્ષના આગિયા' માં ટમટમતી કથાઓ.

ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવતી કૃતિ 'તત્વમસિ' થી કયો ગુજરાતી વાચક અપરિચિત હશે આ કૃતિને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળેલ છે. આ કૃતિના શ્રી ધ્રુવ ભટ્ટની કલમનું નીતરતું સૌંદર્ય સારી પેઠે દેખાય છે. તેમની કૃતિઓમાં અગ્નિકન્યા, સમુદ્રાન્તિકે, તત્વમસિ, અકૂપાર વગેરે જાણીતી રચનાઓ છે. વર્ષ ૨૦૨૨ માં નવા ઉમંગ અને નવા વિષય સાથે ધ્રુવ ભટ્ટ રચના લઈને આવે છે શીર્ષક છે 'અંતરિક્ષના આગિયા' અહીં શીર્ષક બતાવે છે તેમ વાત અંતરીક્ષ એટલે કે આકાશની છે પરંતુ તેમાં ચમકતાં તારલાઓ છે. એ તારલાઓ સાથે જોડાયેલી કથાઓ એ આ પુસ્તકનો સાર છે. અહીં પૌરાણિક પાત્રો છે તે તારા બની કેવાં ચમકે છે તેમનું અંતરિક્ષમાં કઈ જગ્યાએ સ્થાન છે તે તરફ અંગુલિનિર્દેશ કરવાનો યત્ન સારી પેઠે કર્યો છે. તેમણે નાની નાની ૧૬ કથાઓ આપી છે મુખ્યત્વે બધી પૌરાણિક કથાઓ છે. બાળપણમાં ધ્રુવ ભટ્ટ આકાશને કેવાં અચરજથી જોતાં હતાં તે સ્મરણો વાગોળે છે ચમકતાં તારલાઓને તેમની બાળબુદ્ધિ કેવીરીતે નિહાળતી તે સ્મરણો કરે છે. અહીં પ્રથમ કથા છે રાજકુમારી રેવતીની કથા. રેવત નામનો રાજા પોતાની પુત્રી રેવતીના લગ્ન માટે અસમંજસમાં છે. બ્રહ્માજીના પરામર્શ થી રેવતીના લગ્ન દ્વારકાનાં રાજકુમાર બલરામ સાથે કરાવે છે તેની વાત. બીજી કથા દક્ષપુત્રીઓની છે જ્યાં ચંદ્રને અત્રિ અને અનસુયા નો પુત્ર ગણી બ્રહ્માપુત્ર દક્ષ પોતાની ૨૭ દક્ષપુત્રીઓને ચંદ્ર સાથે પરણાવે છે.

પોતાની પત્નીઓ પ્રત્યે સમાન વ્યવહાર ન રાખતાં ચંદ્રને શ્રાપ મળે છે કે તે દરરોજ તેની એક કળા ગુમાવતો રહે. પછી તે શિવ શંકર પાસે જાય છે.શંકર ભગવાન ચંદ્રને વરદાન આપે છે કે તારાં દરેક ક્ષય પછી તને તારી કળાઓ પરત મળશે. ત્રીજી કથા છે કૃતિકા નક્ષત્રની જે પરથી કારતક મહિનાનું નામકરણ થયું છે. ભગવાન શિવનાં પુત્ર કાર્તિકેય કેવીરીતે તારકાસુરનો વધ કરે છે તેની વાત કૃતિકા નક્ષત્ર નવેમ્બર માસનાં નકશામાં આકાશમાં પૂર્વ દિશામાં જોઈ શકીએ છીએ એમ સર્જક છે. ચોથી કથા છે દેવયાની અને તેનાં કુટુંબની. દેવયાની આકાશગંગા છે જે આવનારા સમયમાં આપણી આકાશગંગા મંદાકિનીમાં પરસ્પર મળી જશે આત સાથે અહીં શુક્રાચાર્યની પુત્રી દેવયાની ની વાત ગર્વિષ્ઠ દેવયાની ક્રોધવશ તેનાં જ પતિને વૃદ્ધત્વનો શ્રાપ આપે છે. દેવયાની ના આખાં કુટુંબની વાત. પાંચમી મૃગની કથા છે. જેનાં પરથી માગશર મહિનાનું નામકરણ થયું છે. મૃગશીર્ષ નક્ષત્રની વાત. અહીં બ્રહ્મા અને તેમની પુત્રી સરસ્વતીની વાત છે.

આગળની કથા છે અગત્સ્ય નામનાં તારાની સાથે જોડાયેલ અગત્ય ઋષિની. લેખક લખે છે કે આ તારો સૂર્ય કરતાં ૭૧ ગણો વિશાળ પરિઘ ધરાવે છે તારાને યાદ રાખવાં અહીં ઋષિ અગત્સ્યની કથા વર્ણવી છે. અહીં 'અગત્સ્યના વાયદા' તરીકે જાણીતી કથા જેમાં અગત્સ્યના વિંધ્ય પર્વત ઓળંગીને દક્ષિણમાં જવાની અને પાછાં ન આવવાની વાત લેખકે કરી છે. ૭મી કથા છે મઘા અને ફાલ્ગુની નક્ષત્રો મળીને ચિતરાયેલી સિંહ રાશીની નાની કથાઓ છે. રાજા દિલિપ અને રાણી સુદક્ષિણા વશિષ્ઠ ઋષિનાં આશ્રમે પુત્રપ્રાપ્તિ માટે જાય છે. રાજા દિલિપ કેવીરીતે ગાય કામધેનુ અને તેની પુત્રી નંદિની ને વિનવે છે તેની વાત વર્ણવી છે. આગળ સપ્તઋષિની કથા છે આ સાત ઋષિ એટલે મરિચિ, વશિષ્ઠ, અંગિરા, અત્રિ, ક્રતુ, પુલસ્ત્ય, અને પુલહ. કોઈ કોઈ લોકો સ્થાને મરિચિની જગ્યાએ ભૃગુને સપ્તર્ષિમાં ગણે છે. આ ઋષિઓને બ્રહ્માએ પૃથ્વી પર જીવસૃષ્ટિ રચવાનુ કામ સોંપેલું. આગળ સ્વાતિ નક્ષત્રની વાત આવે છે. બનતી નૌકા અને બીજી કથાઓ અહીં બતાવવામાં આવી છે. દસમી કથા છે ત્રિશંકુની. શ્વેત વામન પ્રકારનો તારો. ત્રિશંકુ પાત્રનો ઉલ્લેખ રામાયણમાં છે. ઇક્ષ્વાકુ વંશનાં રાજા ત્રિશંકુને બ્રાહ્મણની સ્ત્રીનું અપહરણ કરેલુ પિતૃક્રોધનો દોષ પણ તેનાં માથે હતો અને તેણે ગૌહત્યા પણ કરેલી તેમ કહેવાતું. આવા ત્રિવિધ પાપ કર્યા હોવાને કારણે તે ત્રિશંકુ તરીકે ઓળખાતો.

તે પછી જય-વિજયની કથા છે. જેમાં અહીં સર્જકે જય-વિજયને વૈકુંઠનાં નિષ્ઠાવાન દ્વારપાળ કલ્પી ને આકાશમાં તેમને ઓળખાવવા નો પ્રયાસ કર્યો છે. પોતાની ફરજ બજાવવા જતાં થયેલાં જરાક અયોગ્ય વર્તનને કારણે આ વિષ્ણુ સેવકોને યુગે યુગે નવા અવતાર લેવા પડ્યા છે. આ કથામાં સનત્કુમારોને બ્રહ્મા નાના બાળ બનાવી દે છે તેની વાત દક્ષિણ આકાશમાં થોડા અંતરે આ તારાઓ દેખાય છે. બારમી કથા બે વિજોગી જોડાઓની છે. આકાશમાં વીણા મંડળ અને તેનો યોગ તારો અભિજિત પણ ચમકી રહ્યા છે. અહીં નળ દમયંતીની કથા સંદર્ભે હંસની વાત આલેખવામાં આવી છે. તેરમી કથા છે શ્રવણ કુમારની જેનાથી આપણે સૌ પરિચિત છીએ. શ્રવણ નક્ષત્રની વાત. શ્રવણ નક્ષત્ર મધ્યાકાશે પહોંચેલું. આગળ જેમ કહ્યું તેમ અહીં શ્રવણકુમારની વાત કરવામાં આવી છે. તે પછી આકાશમાં દોડતા આકાશી અશ્વની વાત કરવામાં આવી છે. આ અશ્વ એટલે ખગાશ્વ. ખગાશ્વ ક્ષિતિજ પાછળથી બહાર આવે ગયો છે. આ ઘોડો ઉચ્ચૈ:શ્રવા છે. જે દેવો અને દાનવોએ મળી કરેલાં સમુદ્રમંથનને કારણે ક્ષીરસાગરમાંથી નીકળેલ ચૌદ રત્નોમાંનું એક રત્ન. કથાઓ રસપ્રદ છે વાચકને એકસમયે જકડી રાખે તેવી છે. પંદરમી કથા છે અશ્વિની નક્ષત્ર સાથે સંકળાયેલા અશ્વિનીકુમારોની વાત. તે સાથે અશ્વિની નક્ષત્રની વાત અહીં કરવામાં આવી છે. મહાભારતમાં સહદેવ અને નકુળને અશ્વિનીકુમારોના અંશ માનવામાં આવ્યાં છે. આ કુમારો સૂર્યની આગળ આગળ સંગીત રેલાવતાં ચાલે છે. ચ્યવન ઋષિ અશ્વિનીકુમારોને સોમરસ મળી રહે તે માટે યજ્ઞ કરે છે તેની વાત આ કથામાં કહેવામાં આવી છે.

૧૬મી અને અંતિમ કથા છે ધ્રુવની કથા. લેખક આગળ જણાવે છે તેમ ધ્રુવ એમનો નામેરી તારો છે આ તારો શોધવામાં લેખકને બાળપણમાં થોડી મુશ્કેલી થતી. ધ્રુવ તારાં જોડાયેલ ધ્રુવ કુમારની કથા. ભાઈ બેઠો છે તેમ પોતે પણ પિતાનાં ખોળામાં બેસવા માંગે છે. આવી ઈચ્છા ધરાવતો ધ્રુવ તે ઈચ્છાને ફળિભૂત કરવાં વનમાં આકરું તપ કરવા જાય છે. ત્યાં તેને ઈશ્વરનાં દર્શન થાય છે તેની વાત કરવામાં આવી છે. અહીં લેખકે નાની નાની કથાઓનો સહારો લઈને જે તે કથા સાથે જોડાયેલ તારા કે નક્ષત્રની વાત સરસ અને રોમાંચક રીતે કહી છે જેથી વાચક પૌરાણિક સમયમાં પહોંચી જાય. સાથે સાથે અહીં તેમણે ગ્રીકમાં જે રીતની કથાઓ છે તેની વાત લેખકે અહીં કરી છે.

દરેક કથામાં પાપ-પુણ્ય, સ્વર્ગ-નરકની વાત, શ્રાપની વાત ઋષિમુનિઓની વાત કરી છે. દેવોમાં ક્યારેક મનુષ્ય જેવી સ્વાર્થવૃત્તિ પણ દેખાય. અહીં બ્રહ્મા,, વિષ્ણુ, મહેશને અલગ દ્રષ્ટિકોણથી બતાવવામાં આવ્યા છે. થોડીક અમુક કથાઓમાં કલ્પનાઓનો સહારો લીધો છે. બ્રહ્માંડ વિશાળ છે અમેય છે. તેનો વિસ્તાર કેટલો છે તે જાણવું અશક્ય જેવું છે છતાં અહીં લેખક ધ્રુવ ભટ્ટ આપણને રોમાંચિત કથાઓ સાથે આકાશમાં ટમટમતા તારાઓની કથા કહી આપણને પૃથ્વી પર રાખીને પણ આકાશદર્શન કરાવ્યું.

સંદર્ભ- ભટ્ટ ધ્રુવ, 'અંતરિક્ષના આગિયા' પ્રથમ આવૃત્તિ-૨૦૨૨, ગૂર્જર સાહિત્ય પ્રકાશન

---

પરમાર સંજયભાઈ મંગળાભાઈ
પીએચ.ડી. સંશોધક,
જેઆરએફ, ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન,
ગુજરાત યુનીવર્સીટી- અમદાવાદ